
# સાચી શિવપૂજા



વિદ્યાર્થી મિત્રો, નરેન્દ્રની ઉંમર હતી માત્ર છ વર્ષની. તે પોતાના મિત્રો સાથે મેળો જોવા ગયો હતો. ત્યાંથી શિવજીની એક મૂર્તિ ખરીદી મિત્ર સાથે પાછો આવી રહ્યો હતો, અંધારુ થવા આવ્યું હતું, તેથી તેઓ ઝડપથી ચાલતા હતા. નરેન્દ્ર થોડો આગળ નીકળી ગયો. મિત્ર પાછળ રહી ગયો.

અચાનક નરેન્દ્રે પાછળ જોયું તો એક ઘોડાગાડી પૂરપાટ આવી રહી હતી. મિત્ર તેની અડફેટે આવી જ જાય તેમ હોવાથી, બધા લોકો 'એ ગયો, એ ગયો 'ની બૂમો પાડવા લાગ્યા. પણ નરેન્દ્રે એક ક્ષણમાં જ નિર્ણય કરી લીધો, શિવની મૂર્તિને બગલમાં દબાવી સીધી દોટ મૂકીને મિત્રનો હાથ પકડીને જોરથી ખેંચી લીધો. ક્ષણમાત્રમાં આ બની ગયું. લોકો આ નાના છોકરાની બહાદુરી જોઈને દંગ થઈ ગયા.

નરેન્દ્ર કશું સાંભળવા રોકાયો નહીં. તે ઝડપથી ઘરે પહોંચી ગયો અને માની આગળ જે કંઈ બન્યું હતું તે કહી દીધું, ત્યારે માએ એને છાતી સરસો ચાંપીને કહ્યું, 'બેટા, આ જ તો છે બહાદુર માણસનું કામ. મારો દીકરો હંમેશા આવાં બહાદુરીનાં કાર્યો કરતો રહેશે, એથી મને ખૂબ આનંદ છે.' માની પ્રસન્નતા જોઈને નરેન્દ્ર પણ આનંદિત થઈ ગયો. વિશ્વનાથ દત્ત પણ બાળકોને જીવનની

તાલીમ આપવામાં ખૂબ જ કાળજી રાખતા. પોતાનાં બાળકો નિર્ભય, સ્વમાની અને મૌલિક બુદ્ધિ પ્રતિભાવાળાં બને એ રીતે તેઓ બાળકોની સાથે વર્તતા.

## ધ્યાનની રમત

બાળકોને ધ્યાન ધરવાનું કહેવામાં આવે તો માત્ર એકાદ-બે મિનિટમાં તો બધાં છટપટ કરવા લાગે. કોઈ આંખ જરાક ખોલીને જોઈ લે, કોઈ ઉધરસ ખાવા લાગે, કોઈ માથું હલાવવા માંડે, કેમકે ધ્યાન કરવું, એટલે મનને હૃદયમાં એકાગ્ર કરવું. બાળકોનાં ચંચળ મન આમતેમ કૂદાકૂદ કરતાં રહે છે.

એકવાર નરેન્દ્ર મિત્રો સાથે ધ્યાનની રમત રમી રહ્યો હતો. નરેન્દ્ર તો ધ્યાનમાં બેસતાં જ એકાગ્ર બની ગયો. મિત્રોને માટે કંઈ ધ્યાન સહજ નહોતું. તેમાંના એક મિત્રે ત્યાં સાપને આવતાં જોયો અને તેણે બૂમ પાડી. 'ભાગો, ભાગો, સાપ' અને બધા જ છોકરાઓ દોડી ગયા. પણ નરેન્દ્ર તો ધ્યાનમાં લીન. એને કશી ખબર ન પડી કે સાપ તેની સામે ફેણ ચડાવીને બેઠો છે ! છોકરાઓની બૂમો સાંભળીને મોટા લોકો દોડી આવ્યા. આ દ્રશ્ય જોઈને તેમના શ્વાસ અધ્ધર થઈ ગયા ! પણ ધ્યાનસ્થ નરેન્દ્રને કંઈ ખબર જ ન પડી ! થોડીવારે સાપ ત્યાંથી સરકી ગયો !

ધ્યાનની આવી તન્મયતાથી જ અંતરની શક્તિઓ પ્રગટ થાય છે. પણ વેરવિખેર અને અસંખ્ય વિચારોમાં ભટકતું મન તેમ થવા દેતું નથી. સ્વામીજીની જેમ આપણે આપણી શક્તિઓને ખીલવવી હોય તો ધ્યાનથી જ મનની એકાગ્રતા આવે છે. અને મન એકાગ્ર થતાં મનની પ્રચંડ શક્તિઓ જાગી ઊઠે છે. તે દ્વારા માણસ અશક્ય કાર્યો સાવ રમતાં રમતાં કરી શકે છે.